॥ સનાતન પરમો ધર્મ ॥

રવિવારી પૂર્તિ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

નખત્રાણા-કચ્છ

સં -૨૦૭૮ ● અષાઢવદ–૪ ● તા.૧૭–૦૭–૨૨ ● રવિવાર ● SDP No.: 815 MOB.:+91 7801877774, +91 7718977774 ankasantandharmpatrika@gmail.com

તેલંગણા આંધ્ર પ્રદેશ (TAP) રીજીયનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

હૈદરાબાદમાં વૃક્ષારોપણ

નિર્મલમાં વૃક્ષારોપણ

તેલંગણા આંધ્ર પ્રદેશ રીજીયન (TAP) યુવસંઘ ના પટેલ યુવક મંડળ હૈદરાબાદ દ્વારા Mission Green India કર્યક્રમ અંતર્ગત TAP સમાજ ના કારોબારી સભ્ય કરશનભાઈ સેંઘાણી અને એમના સુપુત્ર TAP યુવસંઘ ના ડિવિઝનલ ચેરમેન કિશોરભાઈ સેંઘાણી તેમજ પટેલ યુવક મંડળના પ્રમુખ શ્રી ગોવિંદ સાંખલા અને TAP યુવસંઘ કૃષિ અને પર્યાવરણ સમિતિના હૈદરાબાદ ઝોનના કન્વીનર યોગેશભાઈ સાંખલા અને હૈદરાબાદ સમાજના સભ્ય વિજય ભાઈ સાથે સર્વે મળી ને 200 વૃક્ષારોપણ નું કાર્ય કરેલ અને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવસંઘના અભિયાનને વેગ આપી સફળ બનાવેલ હતુ.

-સંયોજક : દિનેશભાઈ પોકાર.

નિર્મલ સ્થિત હરિત પાર્કમાં આજ શનિવાર તા. 16-07-2022 ના રોજ તેલંગણા આંધ્ર પ્રદેશ (TAP) રીજીયનના નિઝામાબાદ ઝોન સમાજ માં નિર્મલ પાટીદાર સમાજ અને લાયન્સ કલબ નિર્મલના સંયુક્ત સહયોગ થી વૃક્ષા રોપણ કાર્યેક્રમ નું આયોજન કરવામાં આવેલ. જેમાં ફોરેસ્ટ ડિવિઝન્લ ઓફિસર શ્રી શિધ્ધાર્થે વિક્રમ સિંહ IFS અને ફોરેસ્ટ રેન્જ ઓફિસર શ્રી જયપાલ રેડ્ડી અને તેમની ટીમ અને લાયન્સ કલબ નિર્મલના સભ્યો અને આપણા નિર્મલ સમાજના વડિલ શ્રી શાંતિલાલ જાદવાણી, મુળજીભાઈ લીંબાણી ની સાથે યુવા મિત્રો વસંતભાઈ જાદવાણી, વિજય જાદવાણી અને સમાજના સભ્યોએ ભાગ લિધેલ.

-હેમંતભાઈ જાદવાણી TAP રીજીયન PRO.

ગુંદલાવ, વલસાડમાં ગ્રામ પંચાયત દ્વારા આયોજીત હનુમાન ચાલીસા

ગત રોજ ગુંદલાવ, વલસાડમાં ગ્રામ પંચાયત ખાતે આયોજીત હનુમાન ચાલીસાનાં આયોજનમાં સુરતથી પધારેલ હિન્દુ ધર્મ મહાસભાના સહ રક્ષકને નરેન્દ્રમોદી વિચાર ધારા મંચના આઈટી સેલનાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તથા કામરેજ રેડકોર્સ નાં ચેરમેન હિતેશગીરી ગોસ્વામી તથા મુંબઈથી પધારેલ ભાનુશાલી સમાજ અગ્રણી, નાનજીભાઈ ભદ્રાનું ગુંદલાવ ગામના પ્રથમ નાગરિક એવા નીતિન પટેલ સરપંચ વતી બાબુભાઈએ સ્વાગત સાથે સન્માન કર્યું હતું

અને મહાનુભવો દ્વારા પ્રાસંગિક ઉદબોધન બાદ પારંપરિક રીતે રામધુન એટલે હનુમાન ચાલીસાનું પઠન કરવામાં આવ્યું. હિતેશગીરી ગોસ્વામીનું ગુંદલાલ ગામના નાગરિકો અને કરછી મહાનુભવો દ્વારા સાલ અને સ્મૃતિચિન્હ આપી સન્માન કર્યું હતું ...

શ્રી હિતેશગીરી સાહેબે સર્વોદય ગ્રુપના બાબુભાઇ ની સાથે દરેક મિત્રો નું ભારતમાતાનું સ્મૃતિચિન્હ આપી સન્માન કરેલ અને આશીર્વચન આપેલ કે એકતા અને સંગઠન ઉપર ભાર આપી એક થઈ નેક થઇ રાષ્ટ્રની સેવા કરવા અપીલ કરી હતી અને પોતે અને દીદી સાથે હનુમાન ચાલીસામાં હાજરી આપી રાજીપો વ્યક્ત કર્યો હતો

અને ભગવાન રામ વિષે વિષેશ પ્રસંગ વર્ણવી બધાના મન મોહી લીધા હતા.અંતે પ્રસાદ લઇ સૌ છુટા થયા હતા, આભાર વિધિ આપણાં સૌના વ્હાલા અને ગૌભક્ત સાથે સેવાભાવી અને હનુમાન ભક્ત દિલીપસિંહ બાપુ એ કરી હતી. વંદે માત્રરમ ..

સંયોજક અરજુનભાઈ સાખલા, રાજકોટ

કુદરતી આપદામાં શ્રી ક.ક.પા. યુવામંડળ બલ્લારશા દ્વારા સેવા

મહારાષ્ટ્ર નાં વિદર્ભ વિસ્તારમાં અવિરત વરસાદને કારણે, વર્ધા નદી નજીકના ગામો જેનામાં માં પૂરની સ્થિતિ સર્જાઈ છે, અને બલ્લારશા-હૈદરાબાદ માર્ગે વર્ધા નદીના પુલ પર પાણી વહેવાને કારણે બલ્લારશા ગામ મા રોડ પર, સેંકડો ટ્રકો, ટ્રાવેલ્સ ફસાયા છે તેમજ કેટલાક પ્રવાસિયો એ બલ્લારપુર બસ સ્ટેન્ડ પર આશ્રય લીધો છે.

કુદરતી આપદાના સમયે અટવાયેલા પ્રવાસીઓ અને ટ્રક ડ્રાઈવરોની જરૂરિયાત ને ધ્યાનમાં લઈ, શ્રી કચ્છ કડવા પાટીદાર યુવા મંડળ બલ્લારશા દ્વારા પાછલા 02 દિવસથી સ્થાનિક સંસ્થાઓ સાથે મળી 350-400 લોકો માટે ભોજનનું પ્રબંધ અને વિતરણ કરી રહેલ છે. આ પ્રસંગે યુવા મંડળ, બલ્લારશાના અધ્યક્ષ કલ્પેશભાઈ છાભૈયા સાથે એમની ટીમ દ્વારા આ પંથકમાં સેવા અપાઈ રહી છે.

શ્રી ક.ક.પા.સમાજ ઔરંગાબાદ દ્વારા પ્રાથમિક લેવલે ગીતગાતા કલાકારોને સ્ટેજ આપી હોસલા અફજાઈ કરવામાં આવેલ.

"મધુર ગીતમાલા" ગ્રુપ દ્વારા આયોજિત કરાઓકે (Karaoke) જેમાં નવા અને જૂના ગીત નો સમાવેશ કરી આપણી સમાજ ની દિકરીઓ / પુત્રવધુઓ તથા યુવકભાઈઓ આપણી સમાજ માં સુંદર ગીતોથી વાતાવરણને અને સ્માજ્જનોને સંગીતના લયમાં મંત્રમુગ્ધ કરવા માટે તેઓ એક નવો અભિગમ (અનુભવ) લઈ પાટીદાર સમાજના સદસ્યોને મંત્રઃમુગ્ધ કર્યો . કહેવાય છે ને એક સુરમાં બીજો સુર મળે તો સુર.... સંગીત બની જાય છે... કહેવાનો ભાવાર્થ કે જો સર્વેનો સાથ સહકાર હશે તો તા.16/07/22 ના શનિવારના આજે સાંજે સમય 8:00 લાલકે પાટીદાર ભવનમાં સૂરોની રેલમછેલ થઈ પાટીદાર ભવન થનગની ઉઠી.

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી લક્ષ્મીનારાયણ નમઃ ॥ ॥ શ્રી ઉમિયા માતાજી ॥

શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સમાજ

મુ. પો. વિરાણી મોટી, તા. નખત્રાણા-કચ્છ. પીન : ૩૭૦૫૬૫

પ્રતિ શ્રી,

સહર્ષ જણાવવાનું કે, લક્ષ્મીનારાયણ ભગવાનના નૂતન મંદિરનો ૩૩મો પાટોત્સવ સવંત ૨૦૭૮ શ્રાવણ વદ ૫ ને મંગળવાર તા. ૧૬-૦૮-૨૦૨૨ તેમજ સમગ્ર પાટીદાર સમાજનું કચ્છમાં પ્રથમ મંદિરનો ૯૨ મો પાટોત્સવ તથા જ્ઞાતિ સુધારક અને સનાતન ધર્મના પથદર્શક સંતશ્રી પરમ પૂજ્ય ઓઘવરામજી મહારાજ અને સંતશ્રીની પ્રેરણાથી આપણી જ્ઞાતિમાં ઇષ્ટદેવ તરીકે શ્રી લક્ષ્મીનારાયણને પ્રસ્થાપિત કરાવનાર સદ્ગુરુ, સામાજીક અને ધાર્મિક પરિવર્તનના ભેખધારી ક્રાંતિવીર રતનશી ખીમજી ખેતાણીની પ્રતિમાઓ ની અનાવરણ વિધિ નો કાર્યક્રમ શ્રાવણ વદ ૬ ને બુધવાર તા. ૧૭-૮-૨૦૨૨ ના રોજ ભકિતમય વાતાવરણમાં ધામધૂમથી ઉજવવાનું આયોજન કરેલ છે. આમાં ઉપસ્થિત રહેવા આપ સર્વેને ભાવભીનું આમંત્રણ છે.

:: કાર્યક્રમ ::

સં. ૨૦૭૮ શ્રાવણ વદ ૫ ને મંગળવાર તા. ૧૬-૦૮-૨૦૨૨
સવારે : ૦૭-૩૦ કલાકે. : શોભાયાત્રા અને ધાર્મિકવિધી
સવારે : ૧૧-૩૦ કલાકે. : સમૂહ ભોજન
બપોરે : ૦૩-૩૦ કલાકે. : સામાન્ય સભા
સાંજે : ૦૭-૩૦ કલાકે. : સમૂહ ભોજન
રાત્રે : ૦૯-૩૦ કલાકે. : યુવક મંડળ દ્વારા સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ

સં. ૨૦૭૮ શ્રાવણ વદ ૬ ને બુધવાર તા. ૧૭-૦૮-૨૦૨૨
સવારે : ૦૬-૩૦ કલાકે. : જુના લક્ષ્મીનારાયણ મંદિરના જીર્ણોધ્ધાર નિમિતે હવન વિધી
સવારે : ૦૮-૩૦ કલાકે. : પ્રતિમાઓની અનાવરણવિધી
સવારે : ૦૯-૦૦ કલાકે. : પરમ પૂજ્ય સંતશ્રી અને ક્રાંતિવીર ને સ્મણાંજલી અર્પણ સભા
સવારે : ૧૧-૩૦ કલાકે. : સમૂહ ભોજન

યજ્ઞના આચાર્ય :- કમલેશ રેવાશંકર રાવલ

સામાન્ય સભાના એજન્ડા :
(૧) સ્વાગત
(૨) ગત સામાન્ય સભાનું મીનીટ્સનું વાંચન અને બહાલી.
(૩) આવેલા પત્રોનું વાંચન તથા તે અંગે ચર્ચા વિચારણા.
(૪) ચાલુ વર્ષના આવક જાવકના હિસાબોની રજુઆત અને બહાલી.
(૫) સમાજની વર્ષ દરમ્યાન થયેલી કામગીરીની સમીક્ષા.
(૬) પ્રમુખ સ્થાનેથી જે રજુઆત થાય તે.
(૭) પ્રમુખશ્રીનું ઉદ્બોધન વર્તમાન કારોબારીનું વિર્સજન.
(૮) કાર્યકારી પ્રમુખની નિમણુંક.
(૯) સમાજની નવી કારોબારીની વરણી.
(૧૦) નવા પ્રમુખશ્રીનું ઉદ્બોધન.
(૧૧) આભાર વિધિ

મહામંત્રીશ્રી
હિંમતલાલ જીવરાજભાઈ સોમજીયાણી
(Email : pioneermkt@yahoo.com)

નોંધ :
(૧) ઉપરોકત એજન્ડા વિગતોને ધ્યાનમાં લઇ કુટુંબ દીઠ મુખ્ય વ્યકિતની હાજરી અપેક્ષિત અને અનિવાર્ય છે. તેની નોંધ લેશો.
(૨) બહાર ગામથી આવનાર મહેમાનોને રહેવા તથા જમવાની વ્યવસ્થા સમાજ તરફથી શ્રાવણ વદ ૧ ને શનિવાર તા. ૧૩-૦૮-૨૦૨૨ થી શ્રાવણ વદ ૧૦ રવિવાર તા. ૨૧-૮-૨૦૨૨ સુધી કરવામાં આવેલ છે.
(૩) બહાર તથા સ્થાનીક રહેતા પરિવારના મુખ્ય વ્યકિતના વોટ્સઅપ નંબર નીચે આપેલ સંપર્ક નંબરમાં મોકલી આપવા વિનંતી.
(૪) અપનાઘરના વ્યવસ્થિત સંચાલન માટે રૂા. ૫૦૦૦/-ની આજીવન તિથીની નોંધણી ચાલુ છે.

તા. ૧૫-૦૮-૨૦૨૨ના સમાજની કારોબારીની મિટીંગ બપોરે ૪-૦૦ કલાકે રાખવામાં આવેલ છે તેમની કારોબારી સભ્યોએ અચુક નોંધ લઇ હાજર રહેવા વિનંતી.

સંપર્ક : શાંતિલાલ પ્રેમજીભાઈ નાકરાણી, મો. ૯૪૨૮૪ ૭૦૭૭૨

ચાર્ટર્ડ એકાઉન્ટ ની પરીક્ષા ઉતીર્ણ કરી CA પદવી ધારણ કરનાર ને અભિનંદન

મીરાબેન ભાવાણી

સુરત શ્રી શંકર વિજય ટ્રેડિંગ કંપની,ભટારનાં વડીલ લાલજીભાઈ શિવજીભાઈ ભાવાણીની પૌત્રવધુ અને કવિતાબેન હસમુખભાઈ ભાવાણીની પુત્રવધૂ મીરાબેન દિવ્યેશભાઈ ભાવાણી (કચ્છમાં ગામ - રસલીયા) એ (CA) ની પરીક્ષા પાસ કરી છે. CA ની પરિક્ષા પાસ કરીને સમસ્ત ભાવાણી પરિવારનું ગૌરવ વધાર્યું છે. તે બદલ દક્ષિણ ગુજરાત સમાજ અને રીજીયન, શ્રી ક.ક.પા સમાજ-યુવકમંડળ - મહિલામંડળ, સુરત મીરાબેન ભાવાણીને ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે.

શૈક્ષણિક



હિલય ધોળું

વડાલી, કચ્છમાં નાગલપર, જેવો તાજેતરમાં પોતાની રુચિ અને અભ્યાસની કાબેલિયત થકી CA ની પરીક્ષા પાસ કરેલ છે. તેવો ઈલાબેન અને સાબર રિજીયનના સલાહકાર તેમજ વડાલી ડિવિઝનના વડીલ શૈલેષભાઈ કરશનભાઈ ધોળુંના દીકરા થાય છે.તેમજ વડાલી ડિવિઝનના મંત્રી, સંજય કરશનભાઈ ધોળુંના ભત્રીજા થાય છે.આપ રાષ્ટ્રની સાથે સમાજનું નામ પણ રોશન કરો તેવી ટિમ સાબર રિજીયન (વડાલી ડિવિઝન) વતી ખૂબ ખૂબ શુભેચ્છા...

સનાતન ધર્મ પત્રિકા, શ્રી સમાજ , પ્રચાર પ્રસાર સમિતિ શુભેચ્છા પાઠવે છે.

તાત્કાલિક સર્વે કરી

પશ્ચિમ કચ્છમાં અતિવૃષ્ટિના કારણે થયેલ નુકસાનીનું વળતર આપો

કચ્છમાં હાલમાં પડેલા ભારે વરસાદના કારણે પશ્ચિચકચ્છના ત્રણ તાલુકામાં અકલ્પનીય ભારેથી અતિભારે વરસાદ વરસતા ભારે નુશાની થવા પામી છે. સાથો સાથ પશુધનને પણ પારાવાર મુશ્કેલી થવા પામી છે. નુકશાનીનું તાત્કાલિક ધોરણે સર્વે કરી મુખ્ય મંત્રી રાહત ફંડમાંથી અલગથી રકમ ફાળવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

સર્વ સમાજ સેના દ્વારા મુ.મંત્રી રાહત ફંડમાંથી અલગ રકમ ફાળવવા રજૂઆત

આ અંગેની વિગતો મુજબ અષાઢમાં વરસેલા અનરાધાર વરસાદમાં ત્રણેય તાલુકાના કેટલાય ગામોમાં છેલ્લા ચાર-છ દિવસથી વિજળી વિહોણા બન્યા છે. મુખ્ય માર્ગોથી આંતરિક રસ્તા રોડ ઉપરના પુલ, પુલિયા, પાપડી ધરાશાયી થયા છે. મોટાભાગના રસ્તા ધોવાઈ જવાથી વાહન વ્યવહાર ખોરવાતા ઘણાં ગામડાઓ સંપર્ક વિહોણા બન્યા છે. આવા સમયે સર્વ સમાજ સેના સંસ્થા દ્વારા ઈમરજન્સમાં અનેક ગામોને રાશનકીટ પહોંચાડવાનું કામ કર્યું છે. પરંતુ સંસ્થાનું મર્યાદિત બજેટ હોઈ જરૂરિયાત મુજબ ગામોને રાશનકીટની તાત્કાલિક ધોરણે આપવાની વ્યવસ્થા કરવાની માંગ સાથે ક્ષતિગ્રસ્ત થયેલા પુલ પુલિયા અને રસ્તાનું સમારકામ હાથ ધરવાની માંગ કરવામાં આવી છે.

ઉપરાંત પશુધનને પણ પારાવાર નુકસાન થવાના કારણે ગાયો, ભેંસો સહિતના પશૂઓ મૃત્યુ પામ્યા છે. તેમજ ઘણા પશુઓને ભારે વરસાદના કારણે રોગચાળાનો ભોગ બન્યા છે. આ પશુધન માટે વેટરનરી ડોક્ટરની ટીમ ઉતારા પશુધનને બચાવવા વ્યવસ્થા કરવી જરૂરી છે.આ સિવાય પારાવાર થયેલા નુકશાનીનું તાત્કાલિક ધોરણે શરૂ કરાય અને મુશ્કેલીમાં મુખ્ય મંત્રી રાહત ફંડમાંથી અલગથી રકમ ફાળવવામાં આવે તેવી સંસ્થાના અગ્રણીઓ દ્વારા માંગ કરવામાં આવી છે.



છાબ નું મહત્વ..!!

છાબ એ એક ઉપહાર છે જે વરપક્ષ તરફથી મળે છે..! જેને જોણું કેહવામા આવે છે, જેમાં સ્ત્રીઓનાં જીવનમાં આવતા સાત મુખ્ય સારા પ્રસંગ માટે સાત સાડીઓ આપવામાં આવે છે એને છાબ કેહવાય છે..!!

Change your Water Change your Life

Enagic INDEPENDENT DISTRIBUTOR

Kangen Water™

વિશ્વનું બેસ્ટ હેલ્ધી વોટર શું તમે પીવો છો?

કેંગન લાઈવ વોટર

ચમત્કારી પાણી

શું તમે તમારા પરિવારને નીચેની બીમારીઓથી દુર રાખવા માગો છો

- ગેસ
- એસીડીટી
- કબજીયાત
- બી.પી.
- ડાયાબીટીસ
- માઈગ્રેન
- કેન્સર
- હાડકા ની નબળાઇ
- મોતીયો
- થાક લાગવો
- દાદર
- ખરજવું
- ગેંગરીન
- સોયાસીસ
- સાંધાનાં દુખાવા
- કીડની
- પથરી
- હાઈ કોલેસ્ટ્રોલ
- થાઇરોઇડ
- લીવર
- એલર્જી
- વાળ ખરવા
- ખીલ
- વજન ઘટાડવામાં
- B 12 ની ઉણપ

તમારા ઘરના પાણીને ચેક કરાવવા તથા લાઇવ ડેમો જોવા માટે સંપર્ક કરો.

ડિસ્ટ્રીબ્યુટરશીપ માટે સંપર્ક કરો
Advance Japanese Technology

Pareshbhai L Bhavani
M. : +91 9427549437

H.K. DOORS

BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME

HK DOORS
First IMPRESSION of your HOUSE

TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26, Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur, Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205